શંકરદેવ ને દેવળદેવી સ્ત્રીના મેળાપ.

ચોપાઈ.

જેમ વાંચે તેમ પડે રમુજ,
જ્ઞાન વધે ને કીંમત જુજ.

તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કરનાર
પંડયા નથુરામ ગંગારામ
ગામ સમીના.

અમદાવાદમાં

માણેકચોક આગળ કાગદીઓળની સામે શા૦ હીરાભાઇ પુંજાસાના મકાનમાં "અમદાવાદ ટાઇમ્સ પ્રેસ"માં કાળીદાસ સાંકળચંદે છાપ્યો.

સંવત ૧૯૪૩ સન ૧૮૮૭

કીંમત રૂ૦—૩—૬ સાડાત્રણ આના.

રાંકણદેવ ને દેવળદેવી સ્વપ્ના સંવાદ.

———:o:———

ચોપાઈ.

જેમ વાંચે તેમ પડે રમુજ,
ગ્નાન વધે ને કીંમત જુજ.

તૈયાર કરી છપાવી પ્રસિદ્ધ કરનાર

પંડયા નથુરામ ગંગારામ

ગામ સમીના.

અમદાવાદમાં

માણેકચોક આગળ કાગદીઓળની સામે શા૦ હીરાભાઇ પુંજાસાના મકાનમાં "અમદાવાદ ટાઇમ્સ પ્રેસ"માં કાળીદાસ સાંકળચંદે છાપ્યો.

સંવત ૧૯૪૩ સન ૧૮૮૭

કીંમત રૂ૦—૩—૬ સાડાત્રણ આના.

ગ્રંથાર્પણ.

———:0:———

મેહેરબાન રાવ બાહાદુર. ચીમનરાય હરરાય રાધનપુર સ્વસ્થાન દીવાન સાહેબ

મુ. રાધનપુર.

આપ વિદ્યા વૃદ્ધિ તરફ અતિશય પ્રેમ, સ્વદેશના સુભ તરફ શ્રમ અને ઔદાર્યપણું તથા સર્વ વાતે હિંમત રાખી સુધારાના કામ ને ઉત્તેજન આપોછો તેમ નવીન સારા ગ્રંથ બહાર પડતા જોવાને ઘણા હોંસીલા જણાઓ છો એવા સર્વે સારા ગુણને લીધે મારી આપ ના તરફ ઘણી પ્રીતી છે સબબ આ લઘુગ્રંથ આપને અર્પણ કરૂંછું તે માન્ય કરશો.

આજ્ઞાંકીત તાબેદાર

નથુરામ ગંગારામ પંડ્યા

ગ્રંથ કર્તા

શ્રી ગણેશાયનમઃ

શંકળદેવ ને દેવળદેવીનો સ્વપ્નામા થયેલો મેળાપ.

—:૦:—

લાવણી.

ગનપત બાલા તુમ મતવાલા, તેરે નામ ઉપર વારી;
તેરે સમરનેકે બાસ્તે, દરસન કરતે હે નરનારી. ૧
સદા સીવકા પુત્ર કહાવે, ઓખાકા હોતા ભાઈ;
રીદ્ધિ સિદ્ધિ તોરી પુત્રી કહાવે, ખેમ કુશલ દો જમાઈ. ૨
સુદ્ધ બુદ્ધ દો અસ્ત્રી તોરે, લક્ષ લાભ બેટા તેરા;
કારતક સ્વામીકા હે ભાઇ, ધન્યધન્ય ઉમીયાકા છોરા. ૩
એક દંત ને ચતુર ભુજ હે, લંબોદર તેરા હે નામ;
વિનાયકકા સમરન કરકે, આદરતે હે સરવે કામ. ૪
કલયુગમેં તેરી સીદ્ધી હે, પ્રત્યક્ષ પરછા હે તેરા;
કૃષ્ણ ચતુરથી વ્રત કરકે, પ્રસાદ કરત લડુ કેરા. ૫
દોય હાથસે બીનતી કરતા, પુસ્તક મેરા કરો પુરા;
ભક્તાકી તું અરજ સુનકે, દરસન દેના વેલા વેલા. ૬

(ગુજરાતના વાઘેલા કરણ રાજાની કુંવરી દેવળદેવીને

બાગલાણુથી દેવગીરી આવતાં રસ્તામાં મુસલમાનોએ પ-કડી દિલ્હી મોકલી દીધી. ત્યાર પછી કેટલીક મુદતે એક રાત્રે શંકળદેવ પોતાના જનાનખાનામાં નિંદ્રાવશ થએલ છે, તેવામાં તેમણે પોતાની સ્વપ્નાવસ્થામાં મૂર્તિમાન દેવળદેવીને પોતાની સમક્ષ આવી ઉભેલી દીઠી. તે જોઈ શંકળદેવ બોલ્યો.)

શંકળદેવ—અરે! આ એકાંતિક સ્થળમાં આટલી મોડી રાત્રે મારી સમક્ષ આવી ઉભી રહેલ આ દીપકના તેજોમય સ્વરૂપ જેવી સુંદર જુવાન સ્ત્રી તું કોણ છે?

દેવળદેવી—માહારાજા; માહારાષ્ટ્રપતિ! હું આપને વંદન કરી કહું છું કે હું આપની નિર્દોષ દાસી દેવળદેવી છું. મને જોઈ આપ એકદમ આમ ચમકશો માં!

શંકળદેવ—અરે દેવળદેવી!! શું તું દેવળદેવી!! છીં!! મારા નામને, કુળને, અને છેવટે મારી આખી રજપુત જાતને કલંક લગાડનારી કમ્ભાગ્ય દેવળદેવી છીં!! તારા નામને; છીં!! તારા કામને. હત્ ભાગ્યા!! તું તારૂં નિરભા-ગી મૂખ મને શા માટે બતાવવા આવી છે?

દેવળદેવી—અરે!! યશસ્વી યાદવવંશી માહારાજા!! આપ મારા ઉપર આટલો બધો ગુસ્સો માં કરો. કારણ કે ભાવીકાળથી જે કાંઇ બની ગયું તેને માટે હું લાચાર છું. અને એમાં મારો કાંઈ પણ દોષ નથી.

શંકળદેવ—અરે!! હરામજાદી બાદશાહી શાહજાદણ!!

"મારો કાંઈ પણ દોષ નથી." આ બોલવું શું તને ઘટીત છે? તું રજપુતણને પેટ અવતરેલ જુવાન.કન્યકા શું નથી જાણતી? કે પોતાનું પતિવ્રતપણું પાળવા માટે અસલની રજપુતાણી પવિત્ર પ્રેમદા સિતા રાવણ સરખા દુષ્ટ રાક્ષસના હાથમાં સપડાએલ છતાં પણ પોતાના એક ખરા પ્રેમ ટેકથી અત્યંત દુઃખ સહીને પણ પોતાના પ્યારા પતિવ્રત ધર્મને વળગી રહી એવીજ રીતે તું જો તારા મનથી તારૂં પતિવ્રતપણું પાળવા ઈચ્છતી હોત તો આજે આવો ભભકાદાર બાદશાહી જનાનાનો પોશાક પેહેરી મારી નંજરે ઉભાં રહેવાનો વખત આવત ખરો કે? પણ હશે, જ્યાં તારી મરજીજ એવી હતી ત્યાં પછી વિશેષ શું કહેવું.

દેવળદેવી—માહારાજા માહારાષ્ટ્રપતિ!! હું એક નિર્દોષ અબળાને આપ ધર્મી અને ન્યાઈ કહેવાતા માહારાજા; વગર કારણે એકદમ કુડુ કલંક ચઢાવી માનભંગ કરી અધમ અબળા બનાવી દોછો એ શું આપ સરખા યશસ્વી છત્રપતિના નામને છાજતું છે? તેમજ મેં કે તમે બાળક બુદ્ધિમાં જે કાંઈ અઘટિત કાર્ય કર્યું, તે તમારે કે મારે હવે સંભારવું જોઈતું નથી. વળી હુંતો આપ માહારાજાની એક ખાસ દાસીજ છું. તો પછી આપે મારા ઉપર આમ કરડાં કટાક્ષ કરી હું દુર્ભાગ્યથી દુઃખી થએલ અધમ અબળાને શાંત કરવાને બદલે ઉલટી સતાવવી એ આપ સરખા શૂરવીર રાજપુત્રને રૂડુ દેખાડનાર નથી. વળી માહારાજા!!

જો મારો આપના ઉપર ખરો પ્રેમ ન હોત તો હું કદી પણ તે દિવશે હજારો હડહડતા શત્રુઓની વચ્ચે થઇ ભાગલાણથી આપની પાસે દેવગિરિ આવવા નિકળતજ નહીં, એતો દૈવયોગથી મારાં માહાં નશીબે મારૂં ક્રુર અને નાપાક મુસલમાનોને હાથ પકડાવું થયું એટલે હાલ હું લાચાર થઈ આપની સમક્ષ હાથ જોડી ઉભી છું. હવે વળી ઇ-શ્વરેચ્છા હશે તો આગળ ઉપરૂ સૌ સારાં વાનાં થઈ રહેશે.

શંકળદેવ—છટ!! છટ!! પતિદ્રોહી; દુષ્ટ રંડા!! તારો આ અધમ વિચાર તું મને શા માટે જણાવે છે? શું તું નાપાક તુર્કડાઓની નાપાક ગોદમાં ગોંધાઇ રહેલ નાપાક શાહાજાદણને હવે હું મારી પવિત્ર રજપુતાણીની પવિત્ર પદ રજથી પવિત્ર થએલ જનાનખાનામાં પેસવા પણ દેઊં ખરો? નહીં!! નહીં!! પૂર્વનો સૂર્ય પશ્ચિમમાં ઉગે તોપણ શું થયું?

દેવળદેવી—સબુર કરો; યાદવવંશી માહારાજા સબુર કરો. એકદમ વગર વિચારે ક્રોધને વશ થઇ આમ વચન-બંધ બનો નહીં. કારણ કે એમ કરવાથી પાછળથી મોટો પસ્તાવો થશે. માહારાજા!! અદ્યાપી સુધી ભાવીકાળથી જે કાંઇ બન્યું તેમાં; અને છેવટે મારે નાપાક તુર્કડાઓને આ-ધીન થઈ તેમની દુષ્ટમતિ મુજબ વર્તવું પડયું. તેમાં શું કાંઇ મારો એકલીનોજ દોષ છે? કે એકદમ આપ મારા ઉ-પર આમ તાતા ઉના બની જાઓ છો.

શંકળદેવ—બોલ? દુષ્ટા દેવળ બોલ? તારો એકલીનો

દોષ નથી તો બીજા કોનો દોષ છે? કદાચ ગણીએ તો તારી દુષ્ટ માતા કૌળાનો કાંઈક દોષ હશે. તોપણુ તેથી શું થયું? તું અને તારી કૌળા એનો એકજ છો. દુષ્ટ કૌળાને પેટ અવતરેલ કુંવરી જે તું તે પણ તેના જેવીજ હોવી જોઈએ. કેમકે કૌચના વેલાને કદી પણુ મોગરાનું ફુલ આવતુંજ નથી. છેવટે હું દૈવને એટલુંજ કહુંછું કે આ કરતાં તો અમારી બહાદુર રજપુતાણીને પેટ તારી કાળમુખી કૌળા માતા જન્મીજ ન હોત તો બિચારા કરણુને અને છેવટે અમારી આખી યશસ્વી રજપૂત જ્ઞાતિને ચિરકાળનું કુડું કલંક કદી પણુ આવત નહીં. તેમજ કૌળા ન હોત તો તું પણુ મારા પાને પડી મારા પવિત્ર નામને ભ્રષ્ટ કરી શકત નહીં. પણુ હશે? દૈવને જે ગમ્યું તે ખરૂં. હવે એ સંબંધી હું કાંઈ પણુ તને વિશેષ કહેવા ઈચ્છતો નથી.

દેવળદેવી—શૂરા યાદવવંશી યુવરાજ!! હું મુસલમાનોની ગોદમાં ઘેરાઈ રહી તેથી આપ મારા ઉપર આટલા બધા ગુસ્સે થાઓ છો તે તદન ગેરવાજબી છે. ખરૂં કહેવરાવો તો તમારે મારા ઉપર નહીં પણુ મારે તમારા ઉપર ગુસ્સો કરવાનું ખાસ કારણુ છે. તોપણુ હું ભાવિકાળથી જે કાંઈ બન્યું તેમાં કોઈનો પણુ દોષ ન કાઢતાં ફક્ત મારા કુડા કર્મનોજ દોષ કાઢી છાની માની બેશી રહી છું. અને જે કાંઈ બન્યા જાય છે તે એકી નજરથી

જોયા જાઉછું.

શંકળદેવ—બોલ? બોલ? શાહજાદણુ દેવળ બોલ? મારો જે કાંઇ વાંક હોય તે વગર છુપાવે તાકીદે બોલ! મારો પોતાનો દોષ સાંભળવા માટે હું અત્યાતુરછું.

દેવળદેવી—માહારાજા! માહારાણ્રૂ પતિ!! આપને યાદ તો હશેજ કે આપણે બગલાણુના મન વિલાસ બાગમાં અંતઃકરણથી એક બીજાને પરણી ચુકેલાં તો હતાંજ. પરંતુ દૈવયોગથી માઠા ભાગ્યે એવામાં દુષ્ટ મુસલમાનો મને પકડવા માટે બાગલાણુ તરફ આવ્યા. મારા પિતાથી મારૂં સંરક્ષણ થઈ શકયું નહીં તેથી આપને પેગામ મોકલી ખબર આપી તે ઉપરથી આપે આપના જેષ્ટ બાંધવ ભીમદેવને બાગલાણુ મોકલ્યા. એટલે મારા પિતાએ તેમની સાથે રાતો રાત ઊંઘતા દુશ્મનોની વચ્ચે થઈ મને વિદાય કરી. હું પણ હોંશે હોંશે આપના પ્રેમમાં લીન થઇ ગએલ દાશી હજારો હડહડતા શત્રુઓની વચ્ચે થઇ આવતાં બેધડક બીની નહીં. પરંતુ માઠાં ભાગ્યે અધવચ આવતાં મને દુષ્ટ મુસલમાનોએ પકડી અને દિલ્લી મોકલી દીધી. માહારાજા!! આપ જ્યારે આ વખત મને પોતાની પ્રાણપ્યારી તરીકે ગણતા હતા તો શા માટે મને પકડનાર દુષ્ટ મુસલમાનોની પાછળ પડી પાપી પારધીના પાસમાંથી મને રંક હરણીને છોડાવવા માટે યાદવવંશી કુલીન ક્ષત્રી થઈ કાંઇ પુરૂષાર્થ કરી શકયા નહીં? યાદવવંશી

યુવરાજ!! પ્રીતની રીત શું આવી અધમ હતી હશેકે! ખરી પ્રીતને માટે તો જમે તેવો રંક પ્રાણી પણ પોતાનો પ્રાણ યાહોમ કરી દેછે. તો આપ સરખા આયુધધારી શૂરા ક્ષત્રીય પેહેલવાન રાજકુંવર પ્રીતીને માટે અરે!! પોતાની ખાસ પ્રાણપ્યારીને માટે કાંઈ પણ પ્રયત્ન કર્યા વગર બીકણ બાયલા બની ગુપચુપ બેશી રહ્યા અને શત્રુઓને હાથ પોતાની પ્રાણપ્યારીની લાજ લુટાવા દીધી; આ શું તમારા નામને ઓછું લાંછન લગાડનારૂં છે? વળી માહારાજા!! શરણે આવેલ દુઃખીયારા મનુષ્યને આપ શિવાય બીજા કોઈ પણ ખરા ક્ષત્રીએ પોતાનામાં ચેતન શક્તિ છતાં ઊની આંચ આવવા દીધી હોય એમ જણાતું નથી.

શંકળદેવ—(પોતાના મનમાં નિસાસો નાખી) હરિ!! હરિ!! કાળ ઘણો પલટાઇ ગયો. આજની અધમ અબળાઓ નિર્દોષી પુરૂષને કલંગ લગાડતાં કાંઈ પણ વિચાર કરતી નથી. હાયા!! કાળની ગતી અતિ બલિહારી છે. (દેવળના સામું કરડાં કટાક્ષથી જોઈ) બોલ દેવળ, બોલ; તું મારા શરણે આવતાં પેહેલાં મુસલમાનોને હાથ પકડાઈ? કે પછીથી?

દેવળદેવી—માહારાજા યાદવવંશી. આપ ચતુર અને સુજ્ઞ છો તો મ્હોથી એ વાત કહેવરાવવા કરતાં આપ મનમાંજ સમજો તો શું ખોટું છે? તેમ છતાં આપની મરજી મારા મ્હોથીજ કહેવરાવવાની છે તો હું નિર્દોષ દાસી આ-

પની આગળ ખરૂ કહેવાને તૈયારજછું કે "આપને શરણું આવ્યા પછીજ હું શત્રુને હાથ પકડાઈ."

શંકળદેવ.—(દેવળના સામું કરડી નજરથી) અરો! અરો! ઓ અધમ જાતી અબળા!! તું વિના કારણે અત્યારે આમ જુઠું બોલી મારા દુઃખીયારા અંતઃકર્ણને શા માટે દુભવે છે? શું આખી આલમ નથી જાણતી? કે તું બાગલાણથી નીકળી દેવગીરી પોહોચતા પેહેલાં રસ્તામાં પકડાઈ. ખેર!! તું એકલી આમ જુઠું બોલશે તેથી શું વળવાનું છે. તારા ગુણથી તો હવે આખી આલમ જાણીતી થઇ છે એટલે હવે તારા બોલવા ઉપર મારે કાંઈપણ અફશોષ કરવાનું કારણ નથી. તોપણ હું તને છેવટ એટલુંજ કહું છું કે તું રજપુતાણીને પેટ અવતરી તો તેનો કાંઇ પણ અંશ તારા અંતઃકર્ણમાં લાવી જરા સાચું બોલ તો તેમાં તારી તથા તારા કુળની વડાઇ છે.

દેવળદેવી—માહારાજા આપ મારા ઉપર આમ છેક નિષ્ઠુર અને આસ્થાહીન થયા છો તેથીજ મારૂં સઘળું સાચું કહેતું પણ આપને અસત્ય લાગી અચંબો ઉપજાવનાર થઈ પડયું છે. ખેર!! ભાવિકાળથી હજી પણ જે કાંઈ બનવાનું હશે તે બનશે. એમાં તમારો અને મારો કાંઇપણ ઉપાય ચાલવાનો નથી.

શંકળદેવ—દેવળ, ખરૂ બોલ ખરૂં, વિના કારણે જુઠું બોલી બહાદુર રજપુત જાતીને શા માટે અન્યાય આ-

ચે છે? દેવળ, હું તને તારા હાલના દેવધર્મના સોગન દેઈ કહું છું કે તું ખરૂં બોલ. નહીંતો આ વખત અસત્યનું પરિણામ ઘણુંજ ઉલટુ આવશે એ નક્કી સમજજે.

દેવળદેવી—માહારાજા, હું જન્મથકી કદી જુઠું બોલીજ નથી. અને હજી પણ દૈવ કરશે તો કદી જુઠું બોલીશજ નહીં. માટે માહારાજા હું જે કાંઇ કહુંછું તે ઉપર આપ પરિપૂર્ણ વિશ્વાસ રાખો.

શંકળદેવ—શો વિશ્વાસ? તારા સરખી હડહડતી જુઠું બોલનાર બેઈમાની અબળાપર શો વિશ્વાસ? આખી આલમ જાણે છે કે તું મારા શરણે આવતા પેહેલાં મુસલમાનોને હાથ પકડાઈ છું. તે છતાં તું તો છાતી ઠોકીને એમજ કહે છે કે શરણે આવ્યા પછી પકડાઇ. આહાહા!! દેવળ, શી તારી દુમતી!!

દેવળદેવી—ઠીક, માહારાજા. આપને જે યોગ્ય ભાસ્યું તે ખરૂં. અત્યારે હું ગમે તેટલું આપને કહું તો તે સઘળું વ્યર્થ છે. પરંતુ મુજ ગરીબ દાસીની આપને એક એટલીજ વીનંતીછે કે 'મુસલમાનોના ડરથી મને દેવગીરી બોલાવી લેવા માટે આપે આપના જેષ્ટબાંધવ રાજા ભીમદેવને બાગલાણ મોકલ્યા હતા તે શા કારણથી વારૂ? મારે અને તમારે શો સંબંધ હતો કે તેમને તેડવા મોકલ્યા હતા?'

શંકળદેવ—દેવળ તારૂં કહેવું હું સારી પેઠે સમજી ગયો છું. પરંતુ તું પણ સારી પેઠે સમજતી તો હોઈશજ

કે આપણે અરસ પરસ બાગલાણના મન વિલાસ બાગમાં શો કરાર કર્યો હતો? મનથી એક બીજાં પરણી ચુક્યાં હતાં ખરાં કે નહી? દેવળ આપણા આ સંબંધને લીધેજ તારી ખરી વિપત્તીની વખતે મેં ભીમદેવને તારા બચાવ માટે મોકલ્યો હતો. બોલ દેવળ મેં ભીમદેવને તારા બચાવ માટે મોકલ્યો એમાં શું ખોટું કીધું?

દેવળદેવી—માહારાજા, "આપે ખોટું કર્યું" એમ હું મારી જીભેથી કદી પણ કહી શકું ખરી? આપને માટે એવું બોલું તો મારી જીભે કાંટા કાં ન ભાગે. પરંતુ આપને હવે હું છેવટ એટલુંજ કહું છું કે જે વખત બાગલાણના મનવિલાસ બાગમાં આપણે અરસપરસ એક બીજાને તનમન અર્પણ કરી દંપતીના પ્રેમ સંબંધની સંગીન ગાંઠ બાંધી તેજ વખતથી માહારાજા, તમે મારા શીરના શોભાયમાન છત્ર, અને હૂં તમારી સદાને માટે સેવા કરવાને યુકત થએલ શરણે આવેલ દાસી સમજરી. પ્યારા યાદવવંશી!! એજ ઘડીથી અને એજ પળથી હું તમારા દુઃખે દુઃખીયણ અને સુખે સુખીયણ છું. આ શું મારી અને તમારી વચ્ચેનો પ્રેમનો ઓછો ગાઢ સંબંધ છે? આમ છતાં જ્યારે આપ છચોક રીતે મને એમ કહો છો કે "તું તો મારા શરણ આવ્યા પહેલાંજ પકડાઈ" આપનું આ કઠિન વ્યાખ્યાન મારા અબળા જાતીના કોમળ અંતઃકરણને કેટલું બધું દુઃખદાયક થઈ પડતું હશે!! તેનો આપે પરિપૂર્ણ રી-

જે મનમાં ખ્યાલ કરવો જોઈએ. હું તો હજી પણ એમ સમજું છું કે કોણ જાણે દૈવે હજી પણ શું કરવું ધાર્યું હશે?

શંકળદેવ—(જરાવાર વિચાર કરીને) ઠીક, આપણા મનવિલાસ બાગના કરારથી તું મારા શરણ આવી સમજે છે કાં? પરંતુ તેમાં તો મારા સમજવા પ્રમાણે જરા વાંધો છે. કેમકે આપણે બંને જણે અરસપરસ જે કરાર કર્યો તે કરાર મારા વડીલોએ તો મંજુર રાખ્યો. પરંતુ તારા વડીલોએ તે મંજુર રાખ્યો નહીં, કેમકે આપણી વચ્ચે કરાર થયા પછી કેટલેક દિવસે મારી તરફથી તારા પિતાને એ વાત જણાવતાં તેમણે તે ના કબુલ કરી. આ વખતથી તારો અને મારો અરસ્પરસનો ગુપ્ત કરાર તુટયો એમ હું સમજુ છું. અને તે કારણથીજ મેં તારા માટે જોઈએ તેટલો પ્રયત્ન કર્યો નહીં હતો.

દેવળદેવી.—સબુર, સબુર, માહારાજા સબુર; એકાંત સ્થળે મનવિલાસ બાગમાં આપણે અરસ્પરસ કરાર કરવાનું ખાસ કારણ એજ હતું કે આપણાં વડીલો આ વાતથી વિરૂદ્ધ હોય તોપણ આપણે આ વાત કબુલ રાખવી. શૂરા રાજપુત્ર આપના મનમાં આપ જરા વિચાર કરો કે, આપણાં વડીલો જ્યારે આપણા વિચારને મળતાં ન હોય ત્યારે આપણે ગુપ્ત રીતે એવો કરાર કરવાનું કારણ શું? ખરૂં જુઓતો વડીલોની અડચણને માટે તો એ કરાર કરવાની જરૂર પડી હતી. તો પાછળથી મારા પિતાને માથે દોષ મુ

કી આપ આવું અણઘટતું બોલો એ આપ સરખા શૂરા યદુવંશી ક્ષત્રી પુત્રને ઘટીત નથી. જુઓને ઓખા અને અનીરૂદ્ધનાં ગુપ્ત રીતે થએલ લગ્ન ઓખાના બાપ બાણાસુરે કબુલ ન રાખ્યાં તો છેવટે બાણાસુર સાથે યુદ્ધ કરીને પણ તે લગ્ન અનીરૂદ્ધે કબુલ રખાવ્યાં. માહારાજા એ પણ આપના પ્રતાપી યદુવંશી પૂર્વજોમાંજ બનેલું છે.

શંકળદેવ—હા, તે વાત ખરી છે. પરંતુ તારા પિતાની મરજી વિરૂદ્ધ તું મારી સાથે જોડાવા કબુલ થશે એવી મને શી ખાતરી કે હું તારા ભરંસે રહી શકું. હું તો મારા મનમાં સારી પેઠે એમ સમજતોજ હતો કે તું તારા પ્યારા પિતાની મરજી વિરૂદ્ધ કદી પણ વર્ત્તશે નહીં. કેમકે ડાહી અને શાણી સ્ત્રીઓ પોતાના માબાપના મતથી કદી પણ વિરૂદ્ધ ચાલતી નથી.

દેવળદેવી—માહારાજા, આપનું આ યુક્તિ પૂર્વક વ્યાખ્યાન હું સારી પેઠે સમજી છું. સઘળી ડાહી સ્ત્રીઓ અને ડાહ્યા પુરૂષો પોતાનાં મા બાપથી કદી પણ વિરૂદ્ધ ચાલતાંજ નથી. એ વાત ખરી છે. પરંતુ જેની સાથે પોતાને આખી જીંદગી ગુજારવાની છે અને જેના ઉપર આખી જીંદગીના સુખનો આધાર આવી રહેલો છે. એવા એક મહા ઉપયોગી પોતાના સંબંધીની ચુંટણીને માટે જેમ પોતાને યથાર્થ લાગે તેમ કરવા પોતે મુખત્યાર છે. એવા કામમાં માબાપની મરજી મુજબ વર્તવાની બીલકુલ જરૂર

નથી. અને એજ નિયમને અનુસરીને તમે તથા અમે અરસ્પરસ લગ્નનો કરાર કર્યો હતો. છોકરાં લાયક ઊંમરનાં થયા પછી લગ્નનું કામ પોત પોતાની મેળે કરે એ ઘણુંજ સારૂં છે, અને એજ કારણથી સ્વયંવર લગ્નની રીત કહાડી માબાપોએ છોકરાંઓને પોતાની મેળે પોતાનું જોડું પસંદ કરવાની છૂટ આપી છે. વળી આપણો કરેલો લગ્ન કરાર પાળવા માટે આપ મારાજ માથે બેવિશ્વાસપણાનો આરોપ મૂકો છો તેથી હું ઘણીજ દીલગીર છું. તમારા તથા મારા વચ્ચે થએલો લગ્ન કરાર મારા પિતાના વિરૂદ્ધ મતથી કદી પણ રદ થઈ શકતો નથી. એતો જ્યારે આપણા પોતામાંજ એ કરાર પાળી શકવાની શક્તિ ન હોય, અગર શક્તિ હોયતો ઈચ્છા ન હોય, તોજ આપની માફક રદ કરી શકાય છે. માહારાજા, શૂરા ક્ષત્રીઓતો એક વખત જે રાજપુત્રી પોતાની કેહેવાણી તેને જીવજતાં સુધી બીજાને હાથ જવા દેતા નથી. અને જે કોઈ જવા દે છે તે ખરૂં જોતાં ખરો ક્ષત્રીપુત્ર નથી. એ નક્કી સમજવું. એવા ઢીલગંડુ કાયર નપુશકોને વરવાને માટે ખરી રજપુતાણી કદી પણ ઇચ્છા કરતી નથી. એવા એ શંકરવર્ગી પુરૂષને તો શંકરવર્ગી સ્રીઓજ વરવા ઇચ્છે છે. (શંકળદેવના સામા બે હાથ જોડી) માહારાજા, મારા આ વ્યાખ્યાનથી આપ મનમાં કાંઇપણ ખોટું લગાડશો નહીં. હું તો આપની એક ગણુતરી વગરની કિંકરીછું. હું આ

જે કાંઈ યોગ્ય કે અયોગ્ય બોલું છું તે સઘળું મ રા અં-તઃકર્ણની ઊંડી વેદનાથી બોલું છું. વળી શૂરા યદુવંશી મા-હારાજા, મારા પિતાના વિરૂદ્ધ મતથી આપણો લગ્ન કરાર તુટયો એમ આપ જણાઓ છો. તો પાછળથી મારા પિતા-એ તે કરાર કબુલ રાખી મને તમારી પાસે તેડી જવા તમને કહાવી મોકલ્યું ત્યારથી આપણો કરાર પાછો સંજી-વન થયો કે નહીં? અને વળી એ સંજીવન થયાની નિશાની તરીકે આપે આપના જેષ્ટ બાંધવ રાજા ભીમદેવને લશ્કર સાથે મને તેડી લાવવા બાગલાણુ મોકલ્યા ખરા કે નહીં? આ ઉપરથી સાફ સમજાય છે કે હું સદંતર તમારે શર-ણે આવેલીજ હતી.

શંકળદેવ—(દેવળદેવીનાં સામાં કરડાં કટાક્ષ કરી) અરે!! અરે!! ઓ યુવાન અબળા! તું જરા વિચાર કરીને બોલ. તારી યુવાનીના મદથી મસ્તાન થઈ જેમ ફાવે તે-મ શું લવે છે. યાદ રાખ, તારી આવી લાંબી જબાન-થી તનેજ નુકશાન છે, મનવિલાસ બાગમાં તારી સાથે લગ્ન સંબંધી કરાર કર્યા પછી તુરતજ મને માલમ પડી આવ્યું કે તું છેક નીચ પ્રકૃતિવાળી ઉદ્ધત અને મોએ ચ-ઢાવેલી કુંવરી છે. માટે તેજ વખતથી મારી પ્રેમાસ્થા તા-રી ઉપરથી ઊઠી ગઈ હતી. તું ખસુસ સમજજે કે તને મુસલમાનોના હાથથી છોડાવવા માટે મેં કાંઈ પણ પુરૂષા-ર્થ કર્યું નથી તેનું ખરૂં કારણ આજ હતું.

દેવળદેવી—(વિસ્મિત થઈ.) ઠીકા ઠીકા! મહારાજા ઠીક, પાછળથી આપ ગમે તેવાં કૃત્રિમ કારણ બતાવો. પરંતુ આથી આખી આલમ જાણીતી થઈ ચુકીછે કે "માહારાષ્ટ્ર પતિમાં પોતાના જનાનાની ઇજત સાચવવા જેટલી પણ શકિત રહી નથી." ખેરા! તમારા મનમાં મારા માટે ગમે તેવા હલકા વિચાર હશે; તેને માટે હું કાંઈ પણ અફશોષી કરતી નથી. પરંતુ મારા મનમાં તો આપને માટે પ્રથમથી તે આજ સુધી પ્રેમને લીધે જે દૃઢ વિચાર છે તે કાયમ છે. માહારાજા! નક્કી સમજજો કે હું કદી પણ બે રંગી સ્ત્રી નથી. દિલગીર છું કે દૈવે થોડી મુદત પણ આપને મારા સહવાસમાં રાખી મારો ખરો અનુભવ કરાવ્યો નહીં. જો કરાવ્યો હોતતો હું ખાતરીથી કહુંછું કે મારૂં આ બોલવું આપના કોમળ અંતઃકરણમાં આબેહુબ કોતરાઇ જાત. પરંતુ દૈવ આગળ સઘળી આલમ લાચાર છે.

શંકળદેવ—દેવળા! તું અને આખી આલમ એમ સમજે છે કે "માહારાષ્ટ્ર પતિમાં જનાનાની ઈજત સાચવવા જેટલી શકતિ નથી" તો ખેરા! અમારામાં એટલી શક્તિ છે કે નહીં તે વાત તને અને આખી આલમને જણાવવાની અમારે કાંઇપણ જરૂર નથી. અમે આબરૂના એટલા બધા ભુખ્યા નથી કે સઘળાઓમાં વાહા! વાહા! કહેવરાવીએ. દેવળા! તું નક્કી સમજજે કે દીવામાં દીવેલ

હશે તોજ તે બળશે. કાંઈ કોઇના કહેવાથી નહીં બળે. વળી તું મારે માટે પ્રેમને લીધે ગમે તેવો સારો યા નરસો વિચાર બાંધતી હોઇશ; તો તેની હવે મને શી જરૂર છું જે ચીજ આપણે ધિક્કારી કાઢી તે ચીજ પછી સારી છે કે નરશી તે પુછવાની શી જરૂર? અર્થાત મારા માટે તું ગમે તેવો ઊંચો કે નીચો મત ધારતી હોઇશ, પરંતુ તારા માટે હું કાંઈપણ ધારતો નથી તો પછી તારૂં મારા પ્રત્યે જે કાંઇ ધારવું તે શા ઉપયોગનું છે? માટે સમજીને તું તારી મેળે જે કાંઈ કરી બેઠી છું તે તારી આખી જીંદગી સુધી સુખેથી નીભાવ. નહીંતો છેવટે અહીંની કે ત્યાંની એકે સ્થળની નહીં રહેતાં અધવચ લટકીશ.

દેવળદેવી—(નીસાસો નાંખી) માહારાજા! તમારા આવા સજ્જડ જડાઈ ગએલા વિચારથી હું બહુજ દીલગીર છું. આર્ય યદુવંશી! નક્કી સમજજો કે હું નિર્દોષ અબળાને રણમાં રઝળાવનાર, કુવામાં ઉતારી વરતવાઢનાર, પાપી પારધીના પાસમાં સપડાવનાર, અને આખરે જાતી ભ્રષ્ટ કરનાર તે આપ પોતેજછો. યાદ રાખજો! કે નિર્દોષ અબળા જાતીની આંતરડી કળપાવવાથી દૈવ કદી પણ રાજી રહેતો નથી. શીવ!! શીવ!! શીવ!! શીવ!! આપ સરખા બાહાદુર રાજપુત્રનો પ્રથમથીજ મેં પલ્લો પકડ્યા છતાં પણ મારે છેવટે જાતી ભ્રષ્ટ થઈ નાપાક તુર્કડાઓના જનાનખાનામાં રહેવું પડયું. અરે દૈવા! આ કરતાં તો તેં મને આર્ય-

ભૂમિમાં અને તેમાં પણ વળી ઊંચ ક્ષત્રીય કુળમાં જો જન્મ-જ ન આપ્યો હોતતો ઘણું સારૂં. કે મારે દુષ્ટણીને આ દુઃખ સહન કરવું ન પડત. (શંકળદેવના સામું જોઈ) અરે! ઓ વાહાલા યદુવંશી યુવરાજ; ખરી એનની વખતે પણ તમારૂં રજપુતોનું શૂરાતન અને "ખસે ખાડા પણ ન ખસે હાડા" એ મુજબની ક્ષત્રીયવટ ક્યાં ગયાં? કે પરદેશી નાપાક તુર્કડાઓએ તમારા જનાનાની લાજ લુંટી લીધી તો પણ તમે કાંઈ કરી શક્યા નહીં. હજી પણ તમે સુસ્ત થઈ કેમ નિરાંતથી સુતાછો? જરા વિચાર તો કરો. તમે આમ જો દીગમુંઢ થઈ બેશી રહેશો તો હજી પણ તમારા જનાનાની લાજ અનેકવાર લુંટાશે. અને તમારીજ નજરે તમારી વાહાલી માહારાણીઓ પાદશાહી બેગમો કે શાહજાદણો બનશે. તો પછી તમારા બાપદાદાની અને તમારી કિર્ત્તિના દેશપરદેશ સઘળે કાંકરા થશે માટે હજી પણ કાંઈક વિચાર કરી ચેતો. અને તમારા બાપદાદાનાં નામ અને યશસ્વી કામ સંભારી એક સંપ થઈ રણમાં ખરી રજપુતી દશાવી આ પવિત્ર આર્ય ભૂમિમાંથી અરે!! આ તમારા વસવાના મોટા ઘરમાંથી તમારા હડહડતા દુશ્મન જે આ નાપાક તુર્કડાઓ તેઓને મારી મારી હાંકી કાઢો. હાંકીકાઢોજ હાંકી કાઢો; નહીંતો હું નક્કી કહું છું કે આગળ જતાં એ તમારી અને તમારા રજપુત રાજ્યની તથા એકંદરે તમામ હિંદુ રૈયતની ખરાબી કરશે. ખરાબી કરશે એટલુંજ

નહીં. પરંતુ તમને હાડછેડ કરી ઘરબાંર વગરના રઝળતા રખડતા કરી મુકશે તોપણ તમારો છાલ નહીં છોડે. વળી મને તેઓના થોડા માસના અનુભવથી એમ જણાઇ આવેછે કે "હવે આ તમારી ભરતભૂમિની અને તમારી બંનેની અવસ્ય કરી પડતી દશા આવીછે. અને તમારા સુખ વૈભવનો સુર્ય અસ્ત થઇ તેઓનો ઉદય થાય એમ સંભવેછે કેમકે જો એમ ન હોયતો આજે શૂરા રજપોતોથી ભરચક ભરાઈ રહેલો ભરતખંડ તેઓના સામું કાંઈ પણ નહીં બોલતાં ગુપચુપ બેશી રહે ખરો! એતો જ્યારે દૈવની પૂરેપૂરી તમારા ઉપર કૃપા હોય ત્યારેજ એમ બને. વળી જુઓને!! આજે તમારી અને એ લોકોની ચાલાકીમાં પણ કેટલો બધો ફેર પડી ગયો છે? રજપુતોમાં જોઇશું તો ઘેરઘેર અફીણે કાળો કેર કરી મૂકયો છે. સર્વની દાનત સવારમાં સવાપોર દિવશ ચડે ઊઠવાની, અને ઉઠયા બાદ અમલ પાણી કરી આખો દિવશ કેફમાં ચકચુર બની ઝુક્યાં કરવાની થઇ પડી છે. ઘરમાં કે બાહાર; રાજ્યમાં કે પરરાજ્યમાં અને દેશમાં કે પરદેશમાં શું બને છે તે જાણવાની તો તમને અરે!! તમામ રજપુતોને પણ જાણે કાંઇ ગરજજ નથી. એમ સમજી નિરાંતથી નિદ્રાવશ થઇ પડ્યા છે. જો અવલથીજ એ બાબતની બરોબર ચિવટ રાખી હોતતો આજે આ પવિત્ર દિલ્લીની ગાદી પર પરદેશી નાપાક તુર્કડાઓ આવી બેઠા છે. તે કદી પણ બેસવા પામત નહીં. પ-

રદેશીઓ આવી તમારા દેશમાં વસ્યા, અને તમારા ઉપર અમલ કર્ત્તા થઈ પડ્યા એજ માહા ભવીષ્યની માઠી નીશાની છે. તમારામાં સંપતો મુદલ છેજ નહીં અને તેમાં પણ વળી પરદેશી દુશ્મનો તમારા ઘરમાં વાસ કરી કર્ત્તા કારવતા થઇ પડયા છે તેથી એક રીતે તમારૂં ઘર કાણુંથયું છે. માટે હવે તમને એકી ઝપાટે જીતી લેતાં તેઓને જરા પણ વળી વાર લાગવાની નથી. માહારાજા યદુવંશી!!! પ્રથમતો દુશ્મનોને પોતાના ઘરમાં પગ દેવાદેવો એજ ખોટું છે. તો પછી તેઓને ઘરના ભોમિયા થવા દેઈ કારભાર કરવા દેવો એ ખોટું કેમ ન હોય? હવેથી તમારી અને તેમની સામસામી મીલ બંધાશે. અને તેમાં કરોડોનો કચ્ચર ઘાણ વળી જઈ ધંધો રોજગાર ટળી જશે. પરિણામે તમે અને તેઓ બંને અહોનીસ કુસંપ અને કજીઆમાં ઝુક્યાંજ કરશો. અને હાલ બે હાલ બની જશો. આવું થશે એટલે પરદેશના બીજા ટાંપી રહેલા બાહાદુર દુશ્મનો વાઘની મીસાલે દોડતા આવી તમને બંનેને પોતાના પંજામાં સપડાવી પાડશે.

કેમકે આપણામાં કહેવતછે કે "બેની લડાઇમાં ત્રીજો ખાઇ જાય." રૂડા યાદવવંશી રાજપુત્રા! હજી પણ એમ સમજજો કે તમારા પવિત્ર આર્ય પૂર્વજોનું પેહેલાંનું પુન્ય પોહોચે છે કે તેઓ પરદેશી છતાં તમારી આ આર્યભૂમિમાંજ આદી સ્થાપી ઘરબાર બાંધી કુટુંબ કબીલા સહિત રહ્યાછે.

કે જેથી ફરી તમારી આ ભરતભૂમિની કરોડો રૂપીયાની રાજકીય વાર્ષિક ઉપજ પરદેશમાં નહીં જતાં તમારી આ આર્યભૂમિમાંજ રહે છે. પરંતુ કદાચિત તમારા બંનેના કલહથી તમે બંનેજણ ખુવાર બની જાઓ. અને એવામાં ટાંપી રહેલ પરદેશી બહાદુર પેહેલવાને આવી તમારો બંનેનો પરાભવ કર્યો ને સઘળે પોતાની સત્તા પ્રસરાવી તો પછી તમને બંને જણુને પુષ્કળ પસ્તાવો થવાનો એમાં તો કાંઈ પણ સંશય નથી. પરંતુ તે સાથે આ ભરતખંડની રાજકીય વાર્ષિક ઉપજ અહીંઆં નહીં રાખતાં પોતાનાંજ દેશમાં લઇ જવા માંડી તો પછી જોઇ લેજો તમારા અને તમારી આ કંગાલ રૈયતના હવાલ. પૈસાની બાબતમાં તો બિચારી આ પવિત્ર આર્યભૂમિ દોહોવાઇ દોહોવાઈને ખાણુ વગર ખાલી બટ થઈ ગઇ છે. હવે તેનામાં હોસ કોસ રહ્યા નથી. તેનું સઘળું દૈવત દોહોવાઈ જવાથી તેનું નુર ઉડી જઈ તે ઝાંખીઝટ બની ગઈ છે. મહમૂદ સરખા નિર્દય પરદેશી પેહેલવાનોના ઉપરા ઉપરી પડતા ઝપાટાથી તે હેબક ખાઈ હામ હારી ગઈછે. ઉપરા ઉપરી પડેલા મારથી તેના હાડનાં હાડકાં અહોનીશ કળ્યાં કરે છે. આ દુઃખથી તે એટલી બધી બેહાલ બની ગઈ છે કે તેનાથી હવે ઘરનો ઉમરો ઓળંગી બાહાર નિકળાતું નથી. પૈસાની અને બીજી તમામ ઉદય થવાની બાબતમાં તમારી આ આર્યભૂમિની પૂરણ પડતી દશા આવી છે. અર્થાત્ એના નવે-

ગ્રહ વાંકા થયા છે તેવામાં તેના ઘરમાં જે કાંઈ થોડું ઘણું સંચેલું હશે તે તમામ પરદેશી પેહેલવાનો મારી મારીને પોતાના દેશમાં લેઇ જશે તો પછી તમારી કમબખ્તીની કશી પણ હદ રહેવાની નથી. તમો એક વાર સજ્જડ પછાડ ખાઈ પૃથ્વી પર પડયા તો પછી બીજી વખત મ્હા મેહેનતે પણ તમને તમારા દુશ્મનો ઉભા થવા દેશે નહીં. અરે!! આજ સુધી પરદેશમાં તમારો રજપૂતોનો એટલો બધો ભારબોજ હતો કે તેથી કરી કોઈ પણ પરદેશી રાજા તમારી કે તમારા આ દેશના સામું કદી પણ કુડી નજરથી જોતો નહીં. પરંતુ કાળે કરી એ બધો વખત બદલાઈ ગયો કેમકે તમારામાંજ એક બીજાની કંન્યાઓ પરણવા માટે માંહો માંહે વેર બંધાયાં અને એક બીજા સામ સામી કપાઈ મુઆ. આ માઠી ખબરના મેલા સમાચાર વિજળીની માફક દેશ પરદેશ સઘળે સ્થળે દોડી ગયા. એવા સમાચાર સાંભળી તમારા હેતસ્વીનાં હ્રદય દાઝી ઉઠયાં અને દુશ્મનોનાં હ્રદય પરિપૂર્ણ પ્રફુલ્લિત થયાં. આથી પરદેશી પેહેલવાનોની આ તમારા દેશમાં પગ પેસારો કરવાની હિંમત ચાલી. ઉત્સાહથી તેઓ વગર અડચણે તમારા દરવાજામાં પેઠા અને ઠેઠ તમારા જનાનખાના સુધી જતા આવતા થયા. જતા આવતા થયા એટલુંજ નહીં પણ આખરે તમારો વ્હાલો જનાનો પણ પોતાનો કરી લેવા લાગ્યા. તોપણ તમારી આંખમાં કાંઈપ-

ણુ કરકર નહીં આવતાં છાનામાના બેશી રહ્યા. એ તમારૂં કેટલું બધું અબળપણું. તમારી ઉપર તમારી વ્હાલામાં વ્હાલી જે જનાનાની ઇજ્જત તે લુંટી લેવા સંબંધીનો છેવટનો અખતરો અજમાવવા જતાં તેઓ તમારી ઉપર ફતેહમંદ થયા તેથી તમારૂં સઘળું પાણી તેઓ સારી પેઠે કળી ગયા છે. હવે તેમને તમારો બિલકુલ ડર રહ્યો નથી. ઉલટી તમને તેમની સેહે પડી હોય એમ જણાયછે. માહારાજા! હજી તો આ પાશેરામાં પેહેલીજ પુંણીછે. માટે હજી જો આવીને આવી રીતે સઘળા રજપુતો કુસંપમાં ઝુકયાં કરશો તો આગળ ઉપર તમારી પાસેથી માગણી કરી કરીને રાજપુત્રીઓ પરણવાને એ મુસલમાનો ઈચ્છશે. પછી તમને એ માગણી ગમેતો કડવી ઝેર જેવી લાગશે તોપણ વિના છુટકે ઔષધ સમાન ગણી કબુલ કરવી પડશે. જેઓ રાજી ખુશીથી કબુલ નહીં કરે તેઓના ઉપર જુલમ ગુજારીને પણ કબુલ કરાવશે. આવી રીતે આગળ જતાં તમો ધર્મભ્રષ્ટ બનશો એ નક્કી સમજવું. કદાચ તમારી અને મારી હયાતીમાં એ બુરો બનાવ નહીં બને તો આપણી એકાદ બે પેઢીમાં તો બનશેજ બનશે. અને જ્યારે એવું વિપ્રીત કર્મ બનશે ત્યારે પછી તમારી અને તમારી રજપુતીને માટે આખી આલમમાં કેવું હલકું મત બંધાશે? એતો જરા વિચાર કરો? શાણા રાજપુત્રો!! હજી જો ચેતાય તો ચેતો!! તમે એમ નહીં સમજશો કે આ

છું મારી એકલીના સ્વાર્થ માટે કહું છું. હું તો તમારા અને એકંદરે આ આખા દેશના ભલાને માટે મને થોડા માસના સંગીન અનુભવ ઉપરથી જે કાંઈ ભવીષ્ય સુઝી આવ્યું તે કહું છું. પછી તો તમારી મરજીમાં જેમ યોગ્ય લાગે તેમ કરવાને તમો મુખત્યાર છો. કેમકે "મરજીનો મારગ મોકળો છે." અરે!! રજપુતીને કલંક લગાડનાર આજના રાજપુત્રો તમને તમારા અસલના વાર યોદ્ધાઓનાં નામ અને કામ સાંભળીને પણ પાનો ચડતો નથી. એ શું? તમારામાંથી રજપુતીનો છેક અંશ ઉડી ગયો કે શું? અફ્શોષ!! અફ્શોષ!! આજના રજપુતોને માટે એક વાર નહીં પણ અનેક વાર અફ્શોષ!! જે વખત પરદેશી શૂરા સિકંદર બાદશાહની ફોજને બસેં વરસ સુધી હિંદુસ્તાનને સામે કાંઠે સિંધુ નદીની તટ ઉપર હિંદુસ્તાનમાં વળખાં મારતી રહેવા દીધી ને આખરે થાકીને તેને દેશ વિદાય કીધી તો એ વખતના આ આર્યભૂમિના રાજપુત્રોમાં અને હાલના રાજપુત્રોમાં કેટલો બધો ફરક પડી ગયો છો! ભલા ભગવાન. કયાં સિંહ અને કયાં અજા. સિંહના પુત્ર સિંહ નહીં પણ આખરે અજા થયા એ કેટલું બધું વિપરીત. અસલના શૂરવીર રાજપુત્રોનાં નામ અને કામ સાંભળી મારા મનને એટલો બધો આનંદ ઉપજેછે કે કાંઈ બાકીજ નહીં. પરંતુ તે સાથે આજના રાજપુત્રોનું નામ અને કામ જોતાં મારૂં સઘળું નુર સોસાઈ જાય છે. અગાઉના શૂરવીર

રાજપુત્રને જન્મ આપનાર તેમની કુળવંતી માતાઓને ધન્ય છે!! માહારાજા યદુવંશી!! જો ખરૂં કહેવરાવો તો હાલના આ બાયલા રજપુતોએ તો અગાઉના શૂરવીર રજપુતોની કીર્તિને કલંક લગાડયું છે. તે એટલે સુધી કે એ કરતાં તો તે બહાદુર રજપુતોનો નિર્વંશ ગયો હોત તો ઘણું સારૂં કે પાછળથી આવી કપુત પ્રજા ઉત્પન્ન થઇ તેમની ઉજ્વળ કીર્તિને કલંક લગાડી શકત નહીં. હરી!! હરી!! મારા જોવામાં આજે આ ભરત ભૂમિમાં કોઈપણ ખરો ક્ષત્રી આવંતોજ નથી. તો પછી પરદેશથી આવનાર બ્હાદુર પેહેલવાનો સામી કમર કોણ બાંધે? માહારાજા!! રીશ નહીં કરશો. હું તો જયાં જોઉં છું ત્યાં ખરો રજપુત દેખતીજ નથી સઘળા રજપુત રૂપે હિજડાઓ દેખું છું. તેઓને કૂતડાની માફક વગર કારણે આમ તેમ જનાનખાનામાં અથડાતા દેખું છું. તેઓ નાદાનને હું કોઇ કોઈ વખત દિલ્લીના દરબારમાં કમરે સમશેર બાંધી આવતાં જોઈ મારા મનને એટલો બધો કમકમાટ આવે છે કે કાંઇ બાકીજ નહીં. એ વખત મારા મનનો જુસ્સો એટલો બધો જોરપર આવી જાય છે કે જો હું પાદશાહી જનાનખાના રૂપ બંધીખાને પડેલી ન હોઊંતો ભરી સભા વચ્ચે ભાષણ કરી હું સ્ત્રી જાત છતાં તે હીજડાઓની કમરેથી બાંધેલી તરવાર તેજ વખત છોડાવું. અરેરે!! હું કહેવાતી અબળા જાતને પણ આટલો બધો જુસ્સો આવે છે. પરંતુ એ

ખાયલા બીકણોને કાંઈ પણ આવતો નથી. એ જોઇ હું કુ-ભી બળી જાઊંછું. માહારાજા!! હું પાદશાહી જનાનખાનામાં નિરૂપાયે પડી રહીછું. એમ નક્કી સમજજો. નહીં તો મા-રા મનમાં એ બાબત એટલી બધી ચટપટ છે કે મને રાત્ર દિવસ ખાવું પીવું કે ઓઢવું પેહેરવું કાંઇ પણ ગમતું નથી. ઉલટી તે સાથે આજના રાંડવા રજપુતોનાં નામ સાંભળી બમણી બળી જાઊંછું. હવે ઇશ્વર મારો જેમ બને તેમ તાકીદે છુટકો કરે તો ઘણું સારૂં. કેમકે તે સિવાય આ દુઃખમાંથી છુટવાનો બીજો એકે ઉપાય રહ્યો નથી. જો હું આત્મઘાત કરી છુટવા જાઉંછું તો શાસ્ત્રાધારે મોટી આત્મહત્યારી થાઉંછું. મારો જીવ વિચારમાં ને વિચારમાં સુનકાર થઈ ગયો છે. માટે હવેતો છેવટ દૈવ ઉપર આ-ધાર રાખી જે બને તે મારી આ દુઃખીઆરી જીંદગીમાં આખર સુધી જોયા કરવું. હું મારા મનમાં ઘણી સમજુ છું કે જે વાત બગડી તે એકદમ સુધરતી નથી. તોપણ વખતો વખત મનમાં ઉકાટો આવી જવાથી એકદમ ક્રોધને વશ થઇ મારી આ જીંદગી ઉપર રાતી પીળી થઈ જાઉંછુ.

છેવટે માહારાજા હું આપને એટલુંજ કહુંછું કે એ-નાપાક તુર્કડાઓ પોતાનો સ્વાર્થ સાધવા માટે તમને અ-નેક રીતે વિશ્વાસ આપી પોતાના કરી લેવા જશે. પરંતુ તમે તેમનો બિલકુલ વિશ્વાસ કરશોમાં. યાદ રાખજો કે પરદેશીઓ કદી પણ આપણા ખરા મિત્ર થતા નથી.

જ્યાં સુધી તેઓનો સ્વાર્થ સધાશે ત્યાં સુધી તેઓ આપણા દેશમાં અને સહવાસમાં રહેશે. અને રહેશે ત્યાં સુધી પોતાનો સ્વાર્થ સાધી લેવા માટે આપણી સાથે એટલા બધા હળી મળીને ચાલશે કે કાંઈ બાકીજ નહીં. પરંતુ જ્યારે તેઓનો સ્વાર્થ સધાશે નહીં ત્યારે તેઓ ઉલટા તમને તરછોડી કહાડશે માટે તમે તમારૂં અને આખરે તમારા આખા દેશનું ભલું ઈચ્છતા હોતો એ પરદેશીઓ સાથે કદી પણ ઝાઝો સહવાસ રાખશો નહીં. સહવાસ રાખવાથી તેઓ ઊંદરની માફક તમને ફુંકી ફુંકી કરડયાંજ કરશે તો પણ તમને સમજણ નહીં પડે. પાછળથી જાગૃતાવસ્થામાં આવેથી એ સઘળું ભયંકર પરિણામ તમને જણાઈ આવશે. માટે ખસુસ કરી તેમને તમારા અંતઃકરણના પડદાની વાતથી પ્રવીણ કરશો નહીં. અને તમારા મિત્ર મંડળમાં પણ તેમને ભેળવશો નહીં. તેમજ તેમને આ દેશમાંથી હાંકી કહાડવા માટેની ખરે ખરી તક હાથ લાગતા સુધી તેમની સાથે ઇર્ષાભાવથી વર્તવું પણ નહીં. તેઓ તમારા ખરા વેરી છે. પરંતુ તે વાત તમે તમારા અંતઃકરણમાંજ યસ્થાસ્થિત કોતરી રાખજો. તક આવ્યા સિવાય બાહ્યોપચારથી જણાવશોમાં. અંદરખાનેથી તમારાથી બનતા પુરૂષ પ્રયત્ન કરજો. હું ખચીત કહુંછું કે આ રિતી તમને તમારા અસલ કિર્તીસ્થાનકે પોહોચાડનારી છે. વળી એમ પણ નક્કી સમજજો કે જયારે ત્યારે એ પર

દેશી પ્રજા તમારા આ દેશ તજી પોતાને દેશ પલાયન કરી જશે . તમારામાં રસ કસ નહીં રહે ત્યારે અગર તો તમારામાં ક્ષત્રિયપણાનો ખરો તેજસ્વી ગુણ પ્રકાશીત થઇ તમારી આંખ વીરરસથી લાલચોળ થઈ તેઓની તરફ કરડાં કટાક્ષ ફેંકશે અને વખતો વખત એ વીરરસના પ્રતાપથી ઘણીવાર ઘાયલ થશે ત્યારે પોતાનીજ મેળે તમને અને તમારા દેશને તેઓ તજી જશે. કેમકે તેઓની પરિણામે આ દેશમાં રહેવાની વૃતા છેજ નહીં. તેમનો હાલનો અહીંયાંનો નિવાસ ફકત સ્વાર્થને અંગે છે તે છતાં કદાચ તેઓની અહીંઆં છેવટ સુધી રહેવાની વૃતી હશે તો તે ઉલટી તમને વધારે નુકશાન કારક છે. કેમકે આપણા પોતાના ઘરમાંજ આપણા દુશ્મનોનો વાસો રહેતો હોય તો તે તેનો દાવ આવે આપણને કદી પણ નડયા વગર રહેવાનો નહીં. જુઓ કે અત્યારે તેઓ સઘળી રીતે સારી સ્થિતિમાં છે તો પણ તેમનામાં કુટિલ કુસંપે પ્રવેશ કર્યો છે. અને તેનો પાદશાહી કુટુંબે અને આખી એ તુર્ક જાતે માન્ય સાથે સ્વીકાર કર્યો છે. તેથી આગળ જતાં તેમના ઘરમાં પણ એ કૂર કુસંપનું જોર વધી પડી પોતાને ફાવે તેમ કરતા હરતા થઈ પડશે પાદશાહી કુટુંબમાં અને એ આખી તુર્ક જાતમાં હાલ તેનું જેવું માન મુરાબત છે, તેવું ને તેવુંજ જો હવે પછી પણ કાયમ હુર તો હું ધારૂંછું કે દશ વીસ વરસમાંજ.તેનું ભયંકર

પરિણામ તેઓ ભોગવતા થશે. પરંતુ હું ઘણીજ દીલગીર છું કે તેવી લાભકારક તકનો લાભ મારા ધારવા પ્રમાણે તમે રજપુતો લેઈ શકશો નહીં. કેમકે એ ક્રૂર કુસંપે જેવો તેમનામાં પ્રવેશ કર્યો છે તેવોજ તમારામાં પણ કર્યો છે. તે ઉપરથી એમ ભવિષ્ય બંધાય છે કે તે તકનો લાભ તમારા બે સિવાયની કોઈ બીજી અન્ય જાતની પરદેશી પ્રજા લેઇ જશે. કહેવત છે કે પુત્રનાં લક્ષણ પારણામાંથી જણાય. તે મુજબ તેઓના અને તમારાં હાલનાં લક્ષણજ કહી આપે છે કે તમારાં સુખનો સૂર્ય હવે હસ્ત થવાની અણીપર આવ્યો છે. દૈવની ગતી બલિહારી છે. વૈભવી હિંદનો વૈભવ ભોગવનાર કોઇક પરદેશી ભાગ્યવાન પ્રજામાં કુળ દીપક વૈભવી પેહેલવાન વીર ઉત્પન્ન થયો હશે કે થશે એમ મને સંભવે છે. તેમજ વૈભવી હિંદનો બાપદાદાઓ તરફથી વારસામાં મળેલો વૈભવ ખોઈ બેસવાને માટે હાલના રજપુતો અને નાપાક તુર્ક મુસલમાનોમાં કુળકલંકી નાદાન પુરૂષો પણ ઉત્પન્ન થયા હશે કે થશે એમ મને સંભવેછે. મારા વ્હાલા!! કુસંપે કઇકનો કચ્ચર ઘાણ વાળી નાંખ્યો છે. હસ્તીનાપુરવાળા કૈરવ પાંડવના કુસંપથી કુરૂક્ષેત્રમાં કરોડો જીવનો ભોગ લેવાણોછે. અને તેમાં મોટા મોટા મહારથીઓને ઘેર અણધારી મોહોકાણો મંડાઈ ગઈ હતી. માટે હે મહારાજા!! એ ક્રૂર અને ત્રાસદાયક કાળા કુસંપને કદી પણ તમારી ભારતભૂમિમાં વસવા

દેશો નહીં. અરે! વસવા દેશો તો નહીંજ પરંતુ તેનો પ-રછાયો પણ ભૂલે ચુકે તમારી ભરત ભૂમિપર પડવા દેશો નહીં. વળી જેઓ એના પ્યારા દીલોજાન મિત્ર હોય તેઓ-ને પણ તમારા સહવાસમાં કે તમારા દેશમાં વસવા દેશો નહીં. તેની દ્રષ્ટિ એવી તો કરડી છે કે જેના ઉપર તે પ-ડી તે ગમે તેવો પેહેલવાન હોય તો પણ એક વખત સ-જજડ થાપ ખાઈ પૃથ્વિપર પછડાવાનો. છેવટે હું આપ-ને નમ્રવાણીથી એટલીજ વિનંતી કરૂંછું કે જેમ બને તેમ તમારો અને આખરે તમારા દેશનો ઉત્કર્ષ થાય તેમ કર-જો. એમાંજ તમારો સ્વાર્થ અને પરમાર્થ એ બંને સમા-એલાં છે. અને એમ કરવાથી તમારા પૂરૂષાર્થની અને ક્ષ-ત્રિયવટની ખરી ખુબી દીપી નિકળશે. બાયલા અને બીક-ણ બની બેશી રહેવાથી કદી પણ તમારો શ્રેય થવાનો નથી. માહારાજા મારી નજરે અત્યારે પાણીના પોરાની માફક આ ભરત ભૂમિમાં તમામ રજપુતો તરવરતા જ-ણાયછે. પરંતુ તેમાં એકે ખરા પુરૂષાર્થવાળો જણાતો નથી.

શંકળદેવ—અરે!! ઓ ભલી દેવળદેવી!! તારૂં અત્યાર સુધી સઘળું કહેવું હું કબુલ કરૂંછું. અને તું પાદશાહી જનાનામાં ગઈ છતાં સ્વદેશાભિમાનને માટે આટલો બધો બળાપો કરે છે એ બેશક તારા ઉત્તમ કૂળની ઉત્કૃષ્ટ નિ-શાની છે. તારા માટે અત્યાર સુધી હું જે ખરાબ તુલના કરતો હતો તેમાં બેશક મારો પોતાનો ભુલાવો હતો. તા-રા કૂળને અને તારી આ જાતને માટે હું પણજ ઉત્તમ

મત ધરાવુંછું. અરે! એ બહાદુર રાજપુત્રી દેવ ઈચ્છાથી જે કાંઇ બન્યું તે તારા અને મારા કમનસીબથી બન્યું છે. એમાં તારો અને મારો કાંઈ પણ દોષ નથી.

દેવળદેવી—મહારાજા આપનું આ કહેવું હું કબુલ કરૂં છું. અને આપના આ છેવટના સત્યકથનથી હું પરિપૂર્ણ સંતોષ પામી. હવે આપની પાસેથી જવાની રજા માગુંછું.

શંકળદેવ,—રૂડી દેવળદેવી તને રજા આપવા મારૂં મન કબુલ કરતું નથી. પરંતુ જ્યારે તારી ઈચ્છા જવાની થઇ છે ત્યારે હું પણ ખુશીથી કહું છું કે તું જા. પરંતુ બીજી વખત મળવાને માટે તું મને વચન આપી જા. (વચન લેવા માટે એકદમ ઊંઘમાંથી ઝબકી બેઠા થઈ લાંબો હાથ કરે છે તો ત્યાં દેવળદેવીને નહીં દેખતાં નિરાશ થઇ પલંગમાં બેસે છે.)

દોહરો.

રાધનપુર સંસ્થાનમાં, સમી ગામ છે સાર;
પુત્ર ગંગારામનો, ઔદીચ જાત ઉચ્ચાર. ૧
નથુરામ કરજોડી કહે, બુદ્ધીનોછું લગાર;
ચુક હોય તે વાંચીને, કરજો ભાઇઓ સાર. ૨

સમાપ્ત.

આ ચોપડી છપાતી વખતે ઠાકર સીવલાલ તથા જોસી ધનેશ્વર તથા બારોટ ભારમલે સારી મદદ કરી છે માટે તેમનો આભારીછું. નથુરામ ગંગારામ.

આ પુસ્તકને અગાઉથી આશ્રય આપનાર સાહેબોના નામનો યાદી.

નામ.	નંગ.
સમી તાબે રાધનપુર.	
રા૦ રા૦ સ૦ ગુ૦ સ્કુલ માસ્તર મોતીલાલ જેઠારામ.	૫
રા૦ રા૦ પટેલ મુળચંદ નથુરામ.	૫
રા૦ રા૦ હકીમજી જમનાલાલ.	૫
રા૦ રા૦ ધાંમી૦ મી૦ જેઠાલાલ કેવળદાસ.	૧૧
રા૦ રા૦ વિદ્યારથી ઠકર ગીરધર વશરામ.	૨
રા૦ રા૦ ઠકર મનજી અણદા	૧
રા૦ રા૦ પટેલ ડોસુભાઈ પીતામ્બર.	૧
રા૦ રા૦ ઠકર ધનજી રણછોડ.	૧
રા૦ રા૦ પરીખ સરૂપચંદ ખુશાલ.	૧
શ્રીમહંત બાવાજી વલભદાસજી.	૩
રા૦ રા૦ વોહોરા તૈઅબઅલી લુકમાન	૨
રા૦ રા૦ આચારજ છગન તળસીરામ.	૨
રા૦ રા૦ પઠાણ લાલખાન પીરખાન	૪
રા૦ રા૦ ઈસમાલ અલીભાઈ	૨
રા૦ રા૦ પટેલ નારણ વીરચંદ.	૨
રા૦ રા૦ પટેલ વીઠલ અમીચંદ.	૩
રા૦ રા૦ પો૦ કા૦ નેમચંદ પેંગાર	૧
	૫૦

રાધનપુર.

મે૦ રાધનપુર દીવાન સાહેબ સીમનરાયભાઇ.	૨૫
મે૦ પરસનલ આસીસ્ટંટ આનતપ્રસાદ ત્રીકમલાલ	૩
મા૦ દી૦ મે૦ રામલાલ ઝવેરભાઇ.	૪
રા૦ રા૦ સીવરામ ઉમેદ.	૧
રા૦ રા૦ પા૦ ગંગારામ જેઠા.	૧
રા૦ રા૦ દી૦ સીવલાલ બાદર.	૧
રા૦ રા૦ મી૦ પુરૂષોતમ લક્ષ્મીચંદ.	૧
રા૦ રા૦ રામલાલ કાઉભાઇ.	૧
રા૦ રા૦ નથુભાઈ દલછારામ.	૧
રા૦ રા૦ સા૦ ડોસા જેઠા.	૧
રા૦ રા૦ શેઠ ધર્મચંદ ઘેહેલચંદ.	૧
રા૦ રા૦ શા૦ ખેમચંદ પુરૂષોતમ.	૧
રા૦ રા૦ શા૦ મગનલાલ રામચંદ.	૧
રા૦ રા૦ શા૦ પ્રેમચંદ જેઠા.	૧
રા૦ રા૦ આ૦ મા૦ ચાંપસી પાનાચંદ.	૧
રા૦ રા૦ આ૦ મા૦ ત્રીકમભાઈ મથુરભાઈ.	૧
રા૦ રા૦ આ૦ મા૦ પ્રાગજી પુનમચંદ.	૧
રા૦ રા૦ શા૦ ન્યાલચંદ રામચંદ.	૧
રા૦ રા૦ શા૦ ભુદર સામજી.	૧
રા૦ રા૦ શેઠ વમળસીભાઈ પાનાચંદ.	૧
રા૦ રા૦ પટેલ માધવલાલ જેરામ.	૫

મેહેરબાન દીવાન સાહેબ શિવાયના નામો શા૦ બે-ચરચંદ વિ૦ પુરૂષોતમની મારફતે આવેલાં તેથી તેમનો આ-ભારી છું.

અમદાવાદ.

મે૦ અમૃતલાલ માહાશંકર	૨
રા૦ રા૦ ત્રવાડી બાપાલાલ રણછોડ.	૨
રા૦ રા૦ રાબર્ટ કરસનદાસ.	૧
રા૦ રા૦ યુસેફ રામભાઈ.	૧
રા૦ રા૦ સામા જેઠા.	૧
રા૦ રા૦ દલપત મગન કંમ્પોન્ડર.	૧
રા૦ રા૦ જીવણલાલ અમૃતલાલ.	૧૫
રા૦ રા૦ શેઠ કેસવલાલ દલસુખભાઈ.	૫
રા૦ રા૦ શેઠ મણીભાઈ વાડીલાલ.	૫
રા૦ રા૦ શેઠ સારાભાઈ ચંદરમલ.	૫
રા૦ રા૦ જાની મુળશંકર હીમતલાલ.	૧
રા૦ રા૦ શા૦ ચુનીલાલ જોઇતારામ.	૧
રા૦ રા૦ મણીશંકર જેશંકર	૧
રા૦ રા૦ રામશંકર માહાસુખરામ.	૨
રા૦ રા૦ વામનરાવ બાબારાવ.	૨
રા૦ રા૦ જાની મણીશંકર લક્ષ્મીશં	૧

ઉપરના ભરાયેલાં નામોમાં રા૦ જીવણલાલે ઘણી મદદ કરેલી છે માટે તેમનો આભારી છું.

સીસપુર.

રા૦ રા૦ સા૦ હીરાચંદ બેહેચરદાસ. ૧

પાટણ

રા૦ રા૦ માણેકલાલ માધવલાલ ૬

માલસુંદ તાબે પાટણ.

રા૦ રા૦ મુખી પટેલ જોસી પ્રાગજી ધનેશ્વર. ૧૦

રા૦ રા૦ ગામ સમીના રહીસ પંડયા હરગોવન ગંગારામ. ૨

વડાલી તાબે ઇડર.

રા૦ રા૦ રકો૦ ઘેલાશંકર પરસોતમ. ૧

રા૦ રા૦ રકો૦ સુરજરામ પ્રભાશંકર. ૧

ભુવાલડી.

રા૦ રા૦ રકો૦ સોમાભાઇ મોતીચંદ. ૧

આંકલાવ.

રા૦ રા૦ રકો૦ મોહનલાલ રામચંદ. ૧

વરાણા તાબે રાધનપુર.

રા૦ રા૦ મુખી પટેલ ગોદડ કરણા. ૨

રા૦ રા૦ વ્યાસ ભવાનીશંકર હીરજી. ૨

રા૦ રા૦ વ્યાસ અંબારામ રૂપરામ. ૨

રા૦ રા૦ ભટ ઉમીયાશંકર માધવજી. ૨

રા૦ રા૦ ગઢવી મુળુ ધના. ૨

રા૦ રા૦ હવાલદાર ગુલાબખાન આલમખાન. ૧

સરવાળ તાબે સમી

રા૦ રા૦ મુખી પટેલ રાજાગર રણછોડ મુલજી. ૨

હારેજ તાબે પાટણ.

રા૦ રા૦ ઠકર ભગવાન દયારામ. ૫

રા૦ રા૦ ઠાકર ત્રીભોવન લક્ષ્મીરામ. ૨

રા૦ રા૦ ઠાકર તળજારામ પુંજારામ ૩

ટુવડ તાબે રાધનપુર.

રા૦ રા૦ ધામી બાદર એમચંદ ૧

મુજપુર તાબે રાધનપુર.

રા૦ રા૦ કલ્યાણજી નરભેરામ. ૧

થરાદ.

રા૦ રા૦ માસ્તર પીતામ્બર જેરામ. ૧

રા૦ રા૦ ઓતમ નારણ. પે. આ.

રા૦ રા૦ લલુ ઈશ્વર. બી. આ. ૧

રા૦ રા૦ સીવરામ માધવજી. માનીટર. ૧

કરમસદ.

રા૦ રા૦ સીવાભાઈ દાદાભાઈ. ૧

માંડલ.

રા૦ રા૦ વ્યાસ પરસોતમ મનસુખરામ. ૧

નાહાપા.

રા૦ રા૦ સ્કો૦ મગનલાલ જગજીવનદાસ. ૧

રા૦ રા૦ ભટ હરગોવન હરજીવન. ૧

રાણપુર.

રા૦ રા૦ પંડયા ભાઈસંકર લાલસંકર ૧

વણોદ

ર.૦ રા૦ સુસીયાના પોલીસ પટેલ કીરપાસંકર મહાદેવ. ૧

ધાનેરા

રા૦ રા૦ ભાઈચંદ મલુકચંદ. ૧

મોરબી.

રા૦ રા૦ મગનલાલ વસ્તા. ૫

ધ્રાંગધ્રા.

રા૦ રા૦ વ્યાસ વલભરામ ભાણજી. ૫
રા૦ રા૦ ઈ. મા. સમસુદીન. ૨
મે૦ ટી૦ કે૦. બાળાસાહેબ. ૧

ભાવનગર.

રા૦ રા૦ પટેલ મગન રામચંદ. ૨
રા૦ રા૦ પટેલ કાળુભાઈ હીરા. ૪.

ધોરાજી.

રા૦ રા૦ પટેલ રાયચંદ ડોસા. ૨

કોપચણો૦ કુડા.

રા૦ રા૦ ઠાકર જેસંકર જેઠારામ. ૩

વઢવાણ.

રા. રા. બારોટ ભ રમલ હાથીભાઈ. ૧૦

ગામ રાપુ.

રા. રા. મેહેતાજી વૈકુંઠલાલ મહાશંકર. ૧

ગામ મેસાણા.

રા૦ રા૦ ઠાકર સીવલાલ કેશવલાલ. ૧

જાહેર ખબર

—— :૦: — —

આ ચોપડી જેઉ સાહેબોને વાંચવાની ખુશી હશે તેઉ સાહેબોને પ્રસિદ્ધ કરનાર પાસેથી રોકડી કીંમતે મળશે વધારે રાખનારને કીફાયત તે આપવામાં આવશે. રૂપા ૧ બન્ને જુદા પડશે.

તથા નીચે લખેલ ઠેકાણેથી વેચાતી મળશે

ગામ સમીમાં—પટેલ અમરચંદ અમીચંદને ત્યાંથી તથા પંડ્યા માહેવ ગંગારામ પાસેથી તથા પટેલ રાયચંદ લખમીચંદ-પાસેથી કીમત સહ મળશે

(સહી) નથુરામ ગંગારામ પંડયા.

વરાણા ગા૦ સ૦ ગુ૦ નિ૦ ના મેહેતાજી.